

# નકલી નોટોના કેસમાં સરગાસણથી મહિલાની ધરપકડ

## સરગાસણ ખાતે ભાડાના મકાનમાં રહેતી મહિલાનો પ્રેમી નોટો છાપવા કાગળ લાવતો જેનું તે નોટની સાઇઝ મુજબ કટિંગ કરતી હતી : લીવ ઈન રિલેશનશીપમાં રહી નકલી નોટોનું રેકેટ ચલાવતા હતા

ગાંધીનગર તા.૦૬

ગાંધીનગરમાં તાજેતરમાં ચકચારી બનેલા રૂ.૫૩.૦લાખની નકલી નોટોના કેસમાં પોલીસે મુખ્ય સૂત્રધારની પૂછપરછ કરતાં આ ગુનામાં સરગાસણ રહેતી તેની એક મહિલા જે આરોપીની પ્રેમિકા છે તેની સંડોવણી પણ બહાર આવતા માણસા પોલીસે દ્વારા આ મહિલાને પણ ઝડપી લીધી હતી. સરગાસણમાં પ્રમુખનગર સોસાયટી ખાતેથી ભાડાના મકાનમાં લીવ ઈન રિલેશનશીપમાં રહી નકલી નોટોની રેકેટ ચલાવતા હોવાનું પણ પોલીસ તપાસમાં ખુલવા પામ્યું છે.

સરગાસણમાં પ્રમુખનગર ખાતે ફ્લેટ નં.એ-૩૦૪ ભાડે લઈને તે મકાનમાં નકલી નોટો છપાતી હતી તેવી બાબત નકલી નોટોના કિસ્સામાં અગાઉ ઝડાયેલો આરોપી સંતોષ રાવળ જેને ૩૦લાખની નકલી નોટોના જથ્થા સાથે ઝડપી લેવામાં આવ્યો હતો જેની પુછપરછમાં બહાર આવ્યું હતુ. આ માહિતીના આધારે માણસા પોલીસે વૈશાલી રાઘવજીભાઈ દેવજીભાઈ પટેલ (ચૌધરી)ના ઘરે છાપો મારીને તેને પણ ઝડપી લીધી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ઈલેક્ટ્રોનિક સાધનોની મદદથી નકલી નોટો છાપી ગાંધીનગર જિલ્લાના માણસા પોલીસ સ્ટાફના માણસો દ્વારા અગાઉ ગ્રામભારતી ખાતેથી સરગાસણમાં સહજાનંદ સ્ટેટસ ફ્લેટમાં રહેતા સંતોષ રાવળને ૩૦ લાખની નકલી નોટોના જથ્થા સાથે ઝડપી લેવામાં આવ્યો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર વૈશાલી પટેલ મૂળ સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાનાં મોટા કોટડા ગામની છે અને તેના છુટાછેડા થઈ ચુક્યાં છે, તેને બાર વર્ષનો એક પુત્ર પણ છે. પાંચેક વર્ષ પહેલા વૈશાલી સંતોષનાં સંપર્કમાં આવી હતી અને બાદમાં બન્ને વચ્ચે પ્રેમ થઈ જતા સંતોષ રાવળે જ તેના માટે સરગાસણમાં ફ્લેટ ભાડે રાખ્યો હતો જેમાં બન્ને લીવ ઈન રિલેશનમાં રહેતા હતા. પોલીસના જણાવ્યા મુજબ સંતોષ નકલી નોટો છાપવા માટે કોરા કાગળ લઈ આવતો અને વૈશાલી તેનું જુદા જુદા દરની સાઈઝ મુજબ કટીંગ કરી દેતી હતી. હજુ આ કેસમાં વધુ આરોપીઓ સામેલ હોવાની શક્યતા છે અને તે માટે તપાસ ચાલુ હોવાનું પોલીસે જણાવ્યું છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેર ભાજપ દ્વારા આજે યોજાયેલ રક્તદાનના વિવિધ કેમ્પોમાં ૨૩૭ યુનિટ રક્ત એકત્ર કરવામાં આવ્યુ છે.
- ગાંધીનગર મનપાની ચૂંટણીને લઈ ભાજપ અને કોંગ્રેસ દ્વારા અવનવી યુક્તિઓ સાથે લોકસંપર્ક અભિયાનો ચાલુ થયા છે. ભાજપે રક્તદાન કેમ્પોનું આયોજન કર્યુ તો કોંગ્રેસે સ્વચ્છતા અભિયાનના કાર્યક્રમો શરૂ કર્યા છે.
- ગાંધીનગર જિલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષપદે આજે લેન્ડ ગ્રેબીંગ એક્ટની જિલ્લા અમલીકરણ સમિતિની બેઠક મળશે.
- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૯૫૦ લોકોને વેક્સિનેશન અભિયાન અંતરર્ગત આવરી લેવામાં આવ્યા છે.
- માણસા તાલુકામાં ધીમી ગતિએ કપાસની વાવણીનો આરંભ થયો છે.
- આગામી ૧૯ જુન અને ૨૦ જુનના રોજ નર્સિંગ સ્ટાફની ભરતી માટે સાત મોટા શહેરોમાં સ્પર્ધાત્મક પરીક્ષા યોજવામાં આવશે.
- આજથી સરકારી કચેરીઓ ૧૦૦ ટકા કર્મયોગીઓની હાજરી સાથે શરૂ થશે.
- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલ કોરોનાના એક દર્દીનું આજે સારવાર દરમ્યાન મોત થયું છે.

# બે દાયકાની મંજિલ પૂરી કરતી ગાંધીનગરની કિશોર ઈન્સ્ટિટ્યૂટ

## સમાજને હજારો ડોકટર અને એન્જિનિયર આપી સફળતાપૂર્વક એકવીસમા વર્ષમાં કિશોર ઇન્સ્ટિટ્યૂટનો પ્રવેશ : કોરોનાના કપરા સમયમાં પણ ઇન્સ્ટિટ્યૂટના તમામ સ્ટાફને વેતન અપાયું

ગુજરાતના ગગનમાં શૈક્ષણિક ક્ષેત્રે સૂર્ય સમાન પ્રકાશી રહેલ કિશોર ઈન્સ્ટિટ્યૂટ એ વીસ વર્ષ પૂરા કર્યા અને એકવીસમા વર્ષમાં ઝળહળતો પ્રવેશ કર્યો છે તેવા સમયે તેના સંચાલકો ઉપર અભિનંદનની વર્ષા થઇ રહી છે.

એક નાનકડા રૂમમાં ટ્યુશન ક્લાસ રૂપી મંદિર જેવા બીજનું બીજારોપણ થયેલ જે વટવૃક્ષ બની સમગ્ર ગુજરાતના વિદ્યાર્થીઓને શીતળ છાયા પ્રદાન કરી રહ્યો છે. કિશોર ઈન્સ્ટિટ્યૂટના સંચાલકો દ્વારા જણાવાયા અનુસાર આ વર્ષે સંસ્થા વીસ વર્ષ પૂરા કરી એકવીસમાં વર્ષમાં પ્રવેશ કરી રહી છે. સતત ગુણવત્તાયુક્ત શિક્ષણ સાથે ઉચ્ચ સંસ્કાર આપીને વિદ્યાર્થીઓનું આદર્શ વ્યક્તિત્વ ઘડવામાં સિંહફાળો આપનાર આ સંસ્થાના જણાવ્યા અનુસાર વાલીઓ અને વિદ્યાર્થીઓ અમારા ઉપર વિશ્વાસ મૂકી સહકાર આપે છે તે જ અમારી મૂડી અને શાખ છે અને તેથી જ વીસ વર્ષ સફળતાપૂર્વક પૂરા કરી આવા કોરોનાના કપરા સમયમાં પણ એકવીસમા વર્ષમાં બાઈજજત પ્રવેશ કર્યો છે. અત્રે નોંધપાત્ર બાબત એ રહી છે કે કોરોનાકાળમાં સંસ્થાના એક પણ કર્મચારીને છુટા નથી કરાયા કે એક પણ મહિનો વેતન વિહોણા નથી રાખ્યા, એટલુજ નહિ જે વિદ્યાર્થીઓના વાલી કોરોનાને કારણે અવસાન પામ્યા હોય તેમની ફી પણ માફ કરવામાં આવી છે. આ શિક્ષણમંદિરે પંદર હજાર કરતાં વધુ વિદ્યાર્થીઓનું એક વિશાળ સંગઠન બની ચૂક્યું છે, આ સંગઠનના સભ્યો એટલેકે કિશોર ઈન્સ્ટિટ્યૂટમાં અભ્યાસ કરી ચૂકેલા વિદ્યાર્થીઓ આજે આઈઆઈટી, બીટ્સ, એઈમ્સ જેવી મેડિકલ કોલેજ હોય, માઈક્રોશોફ્ટ,ગૂગલ જેવી કંપનીઓ ઉપરાંત આઈએએસ, આઈપીએસ અધિકારી બની દેશ સહિત રાષ્ટ્રના સીમાડા ઓળંગીને વિશ્વના ખૂણે ખૂણા સુધી પહોંચી કિશોર ઈન્સ્ટિટ્યૂટની ખ્યાતિ વધારી રહ્યા છે. વર્ષ ૨૦૦૧ માં શરૂ થયેલી આ ઈન્સ્ટિટ્યૂટ હંમેશા વિદ્યાર્થીઓની પહેલી પસંદ રહી છે તો બીજી તરફ સંસ્થા પણ પોતાની જાવાબદારી સુપેરે નિભાવવામાં પાછી પાની નથી કરતી. શહીદોના બાળકો, કોરોનાથી અવસાન પામનારના બાળકો, આર્થિક મુશ્કેલીવાળાના બાળકો અને હોશિયાર વિદ્યાર્થીઓને યોગ્યતા અનુસાર અને તેમની પાસેથી કોઈ પણ પ્રકારની અપેક્ષા વગર કિશોર ઈન્સ્ટિટ્યૂટ તરફથી ફી માં ૧૦૦ ટકા સુધીની રાહત આપવામાં આવે છે.

# અડાલજ પાસેથી ફરીવાર કુળ "દિપક"નું અપહરણ

ગાંધીનગર, તા. ૬

અડાલજથી ઝુંડાલ તરફ જવાના માર્ગ પર શાંતિવન-૧ અને ૨ તરફ જવાના ત્રી માર્ગ પાસેથી ૨ માસના કુળ "દિપક"નું અપહરણ થતા ચકચાર મચી જવા પામી છે. આ જ દિપકનું સિવિલ હોસ્પિટલમાંથી અપહરણ થયુ હતુ. તે સમયે પોલીસની વિવિધ ટીમોએ ભારે જહેમત બાદ નવજાત બાળક બનાસકાંઠાના વડગામ પાસેથી હેમખેમ મળી આવ્યુ હતુ. ત્યારે ફરીવાર દિપકનું અપહરણ થતાં અડાલજ પોલીસમાં ગુનો નોંધાતા શ્રમજીવી પરિવારના કુળ "દિપક"ને સોધવા પોલીસે દોડધામ શરૂ કરી છે.

સૂત્રો દ્વારા મળતી વિગત મુજબ મીઠુનાથ ભુરાનાથ જોગી (ઉં.વ.૪૫) અડાલજ ત્રિ-મંદિર સામે મહાકાળી હોટલ પાછળ કાચા છાપરામાં પોતાના પરિવાર સાથે બે વર્ષથી રહે છે. મીઠુનાથ કાગળ વીણવાની છુટક મજુરી કામ કરે છે. ફરિયાદીને ત્રણ દિકરા અને એક દિકરી છે. તે પૈકી સૌથી મોટા દિકરો રાકેશ (ઉં.વ.૨૨) છે. રાકેશના લગ્ન એક વર્ષ પહેલા રાજસ્થાનના ઉમેર ગામના શંકરનાથની દિકરી ગાયત્રી સાથે થયા હતા. રાકેશ-ગાયત્રીને સંતાનમાં દિકરો દિપક છે. દિપકનો જન્મ તા. ૨૮-૩-૨૧ ને હોળીના દિવસે થયો છે.

રાકેશ તેની બાઈકવાળી લારી લઈ અને તેની પત્ની ગાયત્રી જેના દિકરા દિપકને તથા ફરિયાદીની દિકરી તારાને લઈ પેન્ડલ સાઈકલ લઈ વિવિધ જગ્યા પર કાગળ વિણવા ગયા હતા. જ્યારે મીઠુનાથ સિંધબાદ હોટલ કલોલ પાસે પોતાની ભાણી હિનાબેન સોવનનાથના ઘરે બેસણામાં ગયા હતા અને ૧૨ વાગે પરત છાપરામાં આવી ગયો હતો. બપોરના સાડા ત્રણ વાગે ફરિયાદીની પુત્રવધુ ગાયત્રી પેન્ડલ સાઈકલ લઈ ઘરે આવ્યા હતા. તેઓએ જણાવ્યુ હતુ કે હું અને તારા પેન્ડલ સાઈકલ લઈ અડાલજથી ઝુંડાલ તરફ જતા માર્ગ પર જમણી બાજુએ આવેલી શાંતિવન-૧ અને ૨ તરફ જવાના માર્ગ પર કાગળ વિણવા માટે ગયા હતા તે સમયે પેન્ડલ સાઈકલ રસ્તા પર મુકી હતી અને સાઈકલ પાછળ ઝુલો બનાવી દીપકને સુવડાવી તેની પાસે તારાને રાખી હું બાજુમાં ખાડામાં કાગળ, પ્લાસ્ટીકની કોથળી વીણવા ગઈ હતી. ત્યારે તારા પોણા ત્રણેક વાગે ગાયત્રી પાસે આવી હતી અને કહ્યુ કે તેને તરસ લાગતા સોફા બનાવવાની દુકાને પાણી પીવા ગઈ હતી. પછી આવીને જોયું તો દિપક ઝુલામાં હતો નહી. તેને કોઈ લઈ ગયુ છે. તેમ કહેતા બંને જણાએ આસપાસના વિસ્તારમાં દિપકની શોધખોળ આદરી હતી. પરંતુ મળી આવ્યો ન હતો. ત્યારબાદ ફરિયાદી તેમની પત્ની, ભાભી અને પુત્રવધુ સાથે દિપક ગુમ થયો હતો તે જગ્યા પર આવ્યા હતા. તેઓએ આસપાસના વિસ્તારમાં તપાસ કરવા છતાં દિપકનો પત્તો ન લાગતી અડાલજ પોલીસમથકે ૨ માસ ૮ દિવસના દિપકની અપહરણની ફરિયાદ નોંધાતા પોલીસે દિપકને શોધવા માટે તજવીજ શરૂ કરી છે.



## સેક્ટર-૩ન્યુ ખાતે વડીલો માટે રસીકરણ યોજાયું

ગાંધીનગરના સેક્ટર-૩ન્યુ ખાતે ગત શુક્રવારે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સેકટરના સરકારી દવાખાને ૪૫ વર્ષથી વધુ વયના વસાહતીઓ માટે કોવીડ-૧૯ પ્રતિરોધક રસીકરણ કેમ્પનું આયોજન કરાયું હતું. જેમાં ડૉ. કલ્પેશભાઈ ગોસ્વામી, ડૉ. હર્ષદભાઈ રાઠોડ, ડૉ. રુચિભાઈ આચાર્ય, ડૉ. ભાવનાબેન પરમાર અને તેમનો સ્ટાફે ૫૦થી વધારે વસાહતીનું રસીકરણ કર્યું હતું. આ પ્રસંગે ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ પ્રમુખ કેશરીસિંહ બિહોલા અતિથિ તરીકે હાજર રહ્યાં હતા અને સે.૩ન્યુ વસાહત મંડળના પ્રમુખ જયેશભાઈ આગજા તથા રશ્મીકાંતભાઈ પંડ્યા, ડૉ. એચ. ટી પરમાર, વીરચંદભાઈ પરમાર, પી એમ અસારી, બાબુભાઈ પ્રજાપતિ, દીપકભાઈ શાહ સહિત સેક્ટર અગ્રણીઓએ જહેમત ઉઠાવી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

## સે-૨૨માં પંચદેવ મંદિરે વૃક્ષોત્સવનો આરંભ

વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ગાંધીનગરના શ્રી પંચેદવ મંદિરમાં શનિવારના રોજ પૂ. શ્રી ફૂલશંકર શાસ્ત્રીજીની નિશ્રામાં પાંચ વૃક્ષો રોપવામાં આવ્યા હતા. આ વૃક્ષોત્સવ આગમી શ્રાવણ વદ અમાસ (બે મહિના) સુધી ચાલશે. આ દરમિયાન મંદિર પટાંગણમાં મૃતપાય થવાના આરે એવું ગુગળ, કપૂર, આદુ, અજમો, અરડુશી, અર્જૂન (સાદડો), લીમડો, ખાખરો, સરગવો, પપૈયું, આંબો, પીપલો, ઉમરો, વડ, પીપળ, કાકચીયો વગરે જેવા ઔષધિય ગુણો ધરાવનારા આયુર્વેદિક વૃક્ષોને રોપવામાં આવશે એમ પંચદેવ મંદિરના કર્માધ્યક્ષ નીલકંઠ શાસ્ત્રીએ જણાવ્યું હતું.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**સાહેબ, મને આઉટ વર્ડ, ઈનવર્ડ, ડેટા એવા કામની જગ્યો ઓફિસ કેન્ટીનમાં કામ આપશો તો એમાં હું વધુ સારું પર્ફોમેન્સ આપી શકીશ, એવું મને ઘરે બે મહિના રહ્યા પછી લાગે છે...**

# સરકારના મહેસૂલ વિભાગમાં સુધારા થયા છે પણ શહેરી વિકાસમાં હજી ભ્રષ્ટાચાર અડીખમ

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

ગુજરાત સરકારની દાનત છે કે તમામ વિભાગોમાંથી ભ્રષ્ટાચારનું નિર્મૂલન થાય પરંતુ કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ હજી તેમની પ્રેક્ટિસ છોડી શકતા નથી પરિણામે આખો વિભાગ બદનામ થાય છે. સામાન્ય રીતે વિભાગના નીચેના સ્તરે અને જિલ્લા વહીવટી તંત્રમાં રૂપિયા આપ્યા વિના કામ થતું નથી. વિઝિલન્સ કમિસનમાં આવતી મોટાભાગની ફરિયાદો શહેરી વિકાસ, મહેસૂલ અને ગૃહ વિભાગની આવતી હોય છે, એટલે કે આ ત્રણ વિભાગો એવાં છે કે જ્યાં સૌથી વધુ કરપ્શન જોવા મળે છે. રાજ્ય સરકારે મહેસૂલ વિભાગમાં તમામ સેવાઓ ઓનલાઈન કરીને ભ્રષ્ટાચારને નિયંત્રણમાં લેવાના અનેક પ્રયાસ કર્યા છે પરિણામે આ વિભાગનું કરપ્શન લેવલ ઘટી ગયું છે પરંતુ આવા સુધારા શહેરી વિકાસ વિભાગમાં થયાં નથી તેથી આ વિભાગમાં કરપ્શન તેની ચરમસીમાએ પહોંચ્યું છે. ગાંધીનગર જેવા નાના શહેરમાં આજેપણ બીયુ પરમિશન લેવા માટે નાના લોકોને રૂપિયા આપીને કામ કરાવવું પડે છે. બિલ્ડરજૂથોના એપાર્ટમેન્ટ સમૂહને બીયુ લેવાનું હોય તો તેમને મોટી રકમ ચૂકવવી પડે છે પરંતુ નાના રહેણાંકમાં એક પછી એક ક્વેરી કાઢીને તેમને પરેશાન કરવામાં આવે છે. રાજ્ય સરકાર જો શહેરી વિકાસમાં પણ નાગરિકોની સુવિધા ઓનલાઈન કરે તો આ વિભાગમાં પણ કરપ્શન કન્ટ્રોલ કરી શકાય તેમ છે. ખાસ કરીને કોરોના સંક્રમણના સમયમાં દાન-દક્ષિણા આપવાની પ્રથા પડી ચૂકી છે. એક જાણીતા બિલ્ડર કહે છે કે ઓળખાણ કે ભલામણથી નહીં પણ રૂપિયા આપીને અમારે સુવિધાઓ મેળવવી પડે છે. તેઓના મતે શહેરી વિકાસ વિભાગમાં સરકાર જો વધુ તકેદારી રાખીને સુવિધાઓ ઓનલાઈન કરી આપે તો અમારે કર્મચારીઓને લાંચ આપવી પડે નહીં...

**અન્નદાતા ખેડૂત ભેળસેળ કરતો નથી પરંતુ વેપારીઓ ઉંચા દામ માટે હિન કક્ષાએ જતા હોય છે**

**● ફુડ સેફ્ટિ દિન – કાયદા કડક છે પણ અમલમાં શૂન્ય...**

ફુડ સેફ્ટિમાં ભારતનો ક્રમ વિશ્વના અન્ય દેશોની સરખામણીએ નીચલી પાયરી પર છે. આમ થવાનું મુખ્ય કારણ ફુડ આઈટમોમાં વ્યાપેલી મિલાવટ કારણભૂત છે. સમગ્ર વિશ્વ ૭મી જૂનના રોજ વિશ્વ અન્ન સુરક્ષા દિવસ મનાવે છે પરંતુ ભારતના ફુડ સેફ્ટિના કાયદા એટલા પાંગળા છે કે વેપારીઓને કડક સજા અને દંડ થતો નથી. લોકો સલામત અને પૌષ્ટીક આહારના દામ ચૂકવે છે પરંતુ તેમને માત્ર ભેળસેળયુક્ત અન્ન મળે છે. ખેડૂતો ચોખા ઉગાડે છે પણ વેપારીઓ તેમાં પ્લાસ્ટીકના ચોખા ઉમેરે છે. ખેડૂત કેરી ઉગાડે છે અને કુદરતી રીતે પાકે તેની રાહ જુએ છે પરંતુ વેપારી તેમાં કાર્બાઈડ અને અન્ય ઝેરી તત્વો ઉમેરીને ઝડપથી કેરી પકવે છે. શાકભાજીમાં કેમિકલયુક્ત લીલો કલર નાંખવામાં આવે છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના મતે પ્રત્યેક ૧૦ વ્યક્તિએ એક વ્યક્તિ દૂષિત ખોરાક અને બેકટેરિયાવાળા ખોરાકથી બિમાર થાય છે. વિશ્વની વસતીમાં આ આંકડો ૬૦ કરોડ છે. ભારતમાં ફુડ સેફ્ટિના સ્ટાન્ડર્ડ નક્કી કરવામાં આવ્યા છે પરંતુ કરપ્શનની માત્રા એટલી વધારે છે કે ભેળસેળ કરનારા વેપારીઓને યોગ્ય નશ્યત થઈ શકતી નથી. સેફ ફુડ નાઉ ફોર અ હેલ્થી ટુમોરો... એ ફુડ સેફ્ટિ દિનની થીમ છે. આ થીમ પ્રમાણે સરકારે ફુડ સેફ્ટિ માટેના કડક નિયમો બનાવવાની આવશ્યકતા છે કે જેથી પ્રત્યેકને તંદુરસ્ત ફુડ આપી શકાય. ભારતના ફુડ સેફ્ટિના નવા કાયદા પ્રમાણે ભેળસેળયુક્ત ખોરાકના બદલામાં જવાબદારોને ૧૦ લાખ સુધીનો દંડ અને સાત વર્ષથી આજીવન કેદની સજાની જોગવાઈ છે પરંતુ આવી સજા હજી સુધી કોઈને મળી નથી. ખેડૂત ભેળસેળ કરતો નથી પરંતુ વેપારી રૂપિયાની વધુ લાલચ માટે નીચ કક્ષાએ જાય છે એ આપણાં સમાજની કમનસીબી છે.

**● મેરીગોલ્ડ ઉગાડતા ખેડૂતોને ૭૦૦ કરોડનો ફટકો...**

ગુજરાતમાં છેલ્લા ૧૦ વર્ષમાં ફુલોનું ઉત્પાદન અને વાવેતર બમણું થયું છે. એક હેક્ટરે ૯.૬૨ ટન ફુલોનું ઉત્પાદન થાય છે છતાં ખેડૂતો ધનપતિ બની શકતા નથી, કારણ કે ફુલો નાશવંત છે. યોગ્ય સમયે તેનો વપરાશ ન થાય તો તે બગડી જાય છે. રાજ્યના મોટાભાગના ખેડૂતો કટ ફ્લાવરનું વાવેતર કરતાં હોય છે, કારણ કે આ ફુલોથી તેમને યોગ્ય વળતર મળી રહી છે. ગલગોટા એટલે કે મેરીગોલ્ડના ફુલોની ૮૦ ટકા ખેતી અમદાવાદ, આણંદ, ખેડા, ભરૂચ, વલસાડ અને દાહોદમાં થાય છે પરંતુ કોરોનાના કારણે વ્યાપારમાં મંદી આવતાં ૬૦ હજાર ટન ફુલો ફેંકી દેવા પડ્યાં છે. એક વિધામાં ખેડૂતને ૬૦ હજાર રૂપિયાનું ખર્ચ થાય છે અને તેની આવક બે લાખ સુધી મળે છે. પરંતુ છેલ્લા દોઢ વર્ષમાં કોરોના સંક્રમણ અને લોકડાઉનના કારણે ૮૦ ટકા પાક ફેંકી દેવો પડ્યો છે જેના કારણે ખેડૂતોને ૭૦૦ કરોડનું નુકશાન થયું છે. કૃષિ વિભાગના અધિકારીના કહેવા પ્રમાણે રાજ્યમાં ફુલોના કુલ વાવેતર પૈકી ૮૦ ટકા વિસ્તારમાં મેરીગોલ્ડ ઉગાડવામાં આવે છે. ગયા વર્ષે મહામારીના કારણે ફુલબજારમાં મંદી આવતાં આ વર્ષે ખેડૂતોએ ફુલોની ખેતીને ખેડી નાંખી છે. વાવેતરમાં ૬૫ ટકા જેટલો ઘટાડો થયો છે. લોકડાઉનના કારણે રાજ્યમાં લગ્ન સમારંભ અને મંદિરો બંધ થતાં ફુલબજારમાં મંદીનો માહોલ જોવા મળે છે. ફુલોની અછત વચ્ચે ઘણીવાર તો ખેડૂતો પાસેથી ૧૦૦૦ રૂપિયે લીધેલા ફુલો વેપારીઓ બજારમાં ૮ થી ૧૦ હજાર રૂપિયાના ભાવે વેચે છે.

**ગુજરાતી અને હિન્દીનું કોકટેલ : ગુજરાતના રાજનેતાઓને હિન્દી મિડીયમના ક્લાસ કરાવવા જોઇએ**

**● ૨૦૨૨ની ચૂંટણી પહેલાં કોંગ્રેસમાં પરિવર્તનનો પવન...**

ગુજરાત કોંગ્રેસની હાલત સુધારવા માટે હાઈકમાન્ડે કેટલાક મહત્વના નિર્ણય લીધા છે. પહેલીવાર કોંગ્રેસમાં પ્રદેશ પ્રમુખ, વિપક્ષના નેતા અને પ્રદેશ પ્રભારી બદલાશે. છેલ્લા ૨૬ વર્ષથી સત્તાવંચિત રહેલી અને નામશેષ થયેલી પાર્ટીમાં પ્રાણ પુરવા માટે કોંગ્રેસના હાઈકમાન્ડે મહારાષ્ટ્રના નેતા અવિનાશ પાંડેની નિયુક્તિ ગુજરાતના પ્રભારી તરીકે કરવાનું નક્કી કર્યું છે. આ પોસ્ટ માટે પહેલાં રાજસ્થાનના યુવા નેતા સચિન પાયલોટને પસંદ કર્યા હતા પરંતુ તેમણે હોદ્દો સ્વિકારવાનો ઈન્કાર કરી દીધો હતો. કોંગ્રેસના પ્રભારી રાજીવ સાતવના અવસાન પછી ગુજરાતમાં આ જગ્યા ખાલી પડી છે જે ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણી પહેલાં ભરવી આવશ્યક છે. અવિનાશ પાંડે એ રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોત જૂથના નેતા છે. અગાઉ તેઓ રાજસ્થાન કોંગ્રેસના પ્રભારી રહી ચૂક્યાં છે અને મહારાષ્ટ્રમાં મોખરાનું સ્થાન ધરાવે છે. ગુજરાત કોંગ્રેસમાં પ્રભારી ઉપરાંત પ્રદેશ પ્રમુખ અને વિપક્ષના નેતાના પદ પર પણ નવી નિયુક્તિ થવાની છે, કારણ કે સ્થાનિક ચૂંટણી અને પેટા ચૂંટણીના અત્યંત કંગાળ પરિણામ પછી પ્રમુખ અમિત ચાવડા અને વિપક્ષી નેતા પરેશ ધાનાનીએ રાજીનામાં આપી દીધા હતા. અત્યારે તેઓ એડહોક નિયુક્તિમાં છે. પ્રદેશની આ સુપ્રીમ ત્રણ પોસ્ટ ભરાયા પછી ગુજરાત કોંગ્રેસના પ્રદેશ માળખામાં ધરખમ પરિવર્તન પણ કરવામાં આવનાર છે. મહત્વની બાબત એવી છે કે છેલ્લા ૨૬ વર્ષથી સત્તામાં નહીં હોવા છતાં કોંગ્રેસના સંગઠનમાં પ્રત્યેક ગામ અને શહેરમાં કોંગ્રેસનો કાર્યકર મોજૂદ છે પરંતુ તેને યોગ્ય દિશા મળી શકી નથી.

**● ભારતની અર્થવ્યવસ્થામાં મહારાષ્ટ્ર નંબર વન...**

ભારત સરકારની એક ઈકોનોમિક સંસ્થાના અહેવાલ પ્રમાણે ભારતના જીડીપીમાં મહારાષ્ટ્રનું યોગદાન ટોચક્રમે છે. આ રાજયએ વર્ષોથી તેનું સ્થાન જાળવી રાખ્યું છે. મહારાષ્ટ્રનો જીડીપી હિસ્સો ૧૪ ટકા જેટલો જોવા મળે છે. એટલે કે રાજ્યનો સૌથી વધુ જીડીપી ૨૯.૦૮ લાખ કરોડ છે. બીજાક્રમે ૨૦.૫૪ લાખ સાથે તામિલનાડુ, ત્રીજાક્રમે ૧૭.૦૫ લાખ કરોડ સાથે ઉત્તરપ્રદેશ, ચોથાક્રમે ૧૬.૬૫ લાખ કરોડ સાથે કર્ણાટક અને પાંચમાક્રમે ૧૯.૪૯ લાખ કરોડ સાથે ગુજરાત આવે છે. ભારતના ટોચના પાંચ રાજ્યોનો જીડીપી હિસ્સો ૪૬.૬ ટકા જેટલો વિક્રમી છે, જ્યારે દક્ષિણ ભારતના પાંચ રાજ્યોનો હિસ્સો ૩૦ ટકા થવા જાય છે. દેશમાં ૩૩મા ક્રમે આંદામાન નિકોબાર આવે છે કે જ્યાં જીડીપી ૦.૦૮૮ લાખ કરોડ છે. ગુજરાત સરકારે તેના બજેટ દસ્તાવેજમાં કહ્યું હતું કે વર્ષ ૨૦૨૦-૨૧માં રાજ્યનો જીએસડીપી ૧૮.૮૪ લાખ કરોડ રહેશે પરંતુ આ ટારગેટ કોરોના સંક્રમણે તોડી નાંખ્યા છે અને તે ૧૫ લાખ કરોડ જેટલો થયો હોવાનું અનુમાન છે. ભારતના ૩૩ રાજ્યોનો કુલ જીડીપી હિસ્સો ૨૦૩.૮૫ લાખ કરોડ જેટલો થવા જાય છે. વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થા અમેરિકાની છે. યુએસનો કુલ જીડીપી ૨૧.૪૪ લાખ કરોડ ડોલર છે જે ચીનની સરખામણીએ બે ગણી છે. જ્યારે ચીનનો જીડીપી ૧૪.૧૪ લાખ કરોડ ડોલર, જાપાનનો ૫.૧૫ લાખ કરોડ ડોલર, જર્મનીનો ૩.૮૬ લાખ કરોડ ડોલર અને ભારતનો ૨.૯૭ લાખ કરોડ ડોલર છે. વર્લ્ડ પોપ્યુલેશન રિવ્યુના ૨૦૨૦ના રિપોર્ટ પ્રમાણે ભારત દુનિયાની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા ધરાવે છે.

**દેશના પ્રાઇમ મિનિસ્ટર કોઇ ભૂલ કરે તો દેશનો નાનામાં નાનો વ્યક્તિ પણ તેમની ટીકા કરી શકે છે**

**● PM ભૂલ કરે તો નાનો વ્યક્તિ પણ ટીકા કરી શકે છે...**

દિલ્હીમાં બેસીને ગુજરાતનું કામ કરનારા રાજકીય નેતાઓની પ્રથમ હરોળમાં મોરારજી દેસાઈનું નામ આવે છે. કારણ કે રસ્તે ચાલતો સામાજીક કાર્યકર અને સુધારાવાદી વ્યક્તિ દેશની સુપ્રિમ પોસ્ટ ઉપર પહોંચી ચૂક્યો હતો. મોરારજી દેસાઈ ગાંધીજીના રસ્તે ચાલીને મહાત્મા ગાંધી દ્વારા સ્થાપવામાં આવેલી ગુજરાત વિદ્યાપીઠના તેઓ કુલપતિ હતા. તેમના વડાપ્રધાનના કાર્યકાળ દરમ્યાન પણ તેઓ વિદ્યાપીઠની મુલાકાત લેતા હતા અને ઓક્ટોબર મહિનામાં તેમાં જ નિવાસ કરતા હતા. મોરારજી દેસાઈનું જીવન અત્યંત સાદાઈપૂર્ણ હતું. લોકોને જાતે જ પોસ્ટકાર્ડ લખતા હતા. મોરારજી દેસાઈએ તેમના કાર્યકાળ (૧૯૭૭-૭૯) માં જાહેર વિતરણ વ્યવસ્થા બંધ કરી હતી. જે ખાંડ રેશનીંગની દુકાનમાં વેચાતી હતી તેના કરતાં પણ સસ્તી ખાંડ બજારમાં ઉપલબ્ધ કરાવતાં આ દુકાનોને તાળા મારવાનો સમય આવ્યો હતો. આ એક સમય હતો જ્યારે લોકો સુખી હતા. મોરારજી એ સ્થિતિને જોવા તત્પર હતા કે ભારતના લોકો એટલા ભયમુક્ત હોવા જોઈએ કે દેશની સર્વોચ્ચ વ્યક્તિ પણ ભૂલ કરે તો નબળામાં નબળો વ્યક્તિ પણ એ દિશામાં અંગૂલીનિર્દેશ કરવા સક્ષમ હોવો જોઈએ. તેઓ વારંવાર કહેતા કે 'દેશના પ્રધાનમંત્રી પણ દેશના કાયદાથી પર ના હોવો જોઈએ.સ્ર તેમના માટે સત્ય જ શ્રેષ્ઠ રહ્યું છે. તેમણે પોતાના સિદ્ધાંતોને કદી પરિસ્થિતિને વશ થવા દીધા ન હતા. અત્યંત વિકટ સંજોગોમાં પણ તેઓ પોતાના સિદ્ધાંતોને વળગી રહ્યા હતા. તેઓ પોતે જ કહેતા હતા કે "પ્રત્યેકે જીવનમાં સત્ય અને શ્રદ્ધા મુજબ વ્યવહાર કરવો જોઈએ."